# શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવ - USA

**આશીર્વાદ**

પ.પૂ. પુરાણી કેશવચરણદાસજી



**॥ જય સ્વામિનારાયણ ॥**



**પુરુષાર્થ**

પ.પૂ. શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજી



માનવ જીવન માટે શિક્ષણ અનિવાર્ય બન્યું છે. બહેનો માટે પણ શિક્ષણ ફરજીયાત થાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે. સરકારશ્રી દ્વઈ હેઠળ ૧૪ વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો કાયદો બનાવ્યો છે. કન્યા કેળવણી ઉપર વિશેષ ભાર અપાય રહ્યો છે.

સમાજને શિક્ષિત કરવો એ માત્ર સરકારની જવાબદારી નથી. સ્વૈચ્છિક સંસ્થા પણ એમાં ફાળો આપી શકે અને તે કાર્ય સુપેરે કોઈ સંસ્થા કરતી હોય તો તે શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવના માધ્યમથી છેલ્લા પાંચ વર્ષથી ગરીબ નિરાધાર બહેનોને આધુનિક સુવિધાથી સજ્જ હોસ્ટેલ વ્યવસ્થા સહિતનું પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સુધીનું વિના મુલ્યે શિક્ષણ આપી રહી છે. સલવાવ સંકુલ વલસાડ જીલ્લાનું અગ્રતા ક્રમ ધરાવતું અને શ્રેષ્ઠ શિક્ષણ આપતું સંકુલ છે. અહી સંતોના સીધા સાનિધ્યમાં ૩૮ વર્ષથી સંસ્કાર યુક્ત શિક્ષણ અપાઈ રહ્યું છે. અહી કે.જી થી લઇ પી.જી. સુધીના ઉંચ્ચ શિક્ષણની શાખા કાર્યરત છે. એટલું જ નહી પ્રાથમિક થી માંડી ધો. ૧૦,૧૨ બોર્ડ રિઝલ્ટ અને ફાર્મસીનું ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટીનું દરવર્ષે શ્રેષ્ઠ પરિણામ આપી રહી છે. સ્પર્ધાત્મક પરીક્ષા, ઉચ્ચ શિક્ષણ માટેની પ્રવેશ પરીક્ષા જેવી કે નઈઈ,દ્રઈઈ, ઁૅનઝઈ વગેરે. વળી સનદી સેવામાં જોડાવા માટે જરૂરી જીપીએસસી, યુપીએસસી જેવી જાહેર પરીક્ષાનું તાલીમ કેન્દ્ર પણ સંસ્થાની યશકલગી માં શોભતું છોગું છે. શનિવારની સભા દ્વારા બાળકોને પૂ. સંતોના આશીર્વચનો પ્રાપ્ત થતા રહે છે જેમાં માતા-પિતા પ્રત્યેનો ભાવ, વડીલોને સન્માન, સંતો, ગુરુજનો પ્રત્યે પ્રાદુર્ભાવ, શરીરની સ્વચ્છતા, આધ્યાત્મિકતા જેવા મૂલ્યોનું રસપાન કરાવતું હોય પૂ. દાદાના મુખેથી રજુ થતા અનેક દ્રષ્ટાંતો તેમની રસાળ વાર્તા શૈલીમાં સાંભળવાનો અને જીવનમાં ઉતારવાનો આનંદ જ કઈ જુદો છે.



શિક્ષણ ને આધુનિક ઓપ આપવા પૂ. સંતો એ જુદાજુદા ક્ષેત્રમાં કાબેલ એવા વ્યક્તિઓની નિમણુંક કરી અને પાયાથી જમાનાની સાથે કદમ મેળવી શકે તેવા આયોજનો કરાય રહ્યા છે. ટ્રસ્ટી મંડળના સભ્યો, કેમ્પસ ડાયરેક્ટર અને વિવિધ વિભાગના આચાર્યોની ટીમ સતત મહેનત કરી પરિશ્રમ એ જ પારસમણીના સૂત્ર ને સાકાર કરવા તત્પર રહે છે.સલવાવ ખાતેના વિશાળ શૈક્ષણિક સંકુલમાં ઉચ્ચકક્ષાની તમામ સવલત સાથે સુંદર વાતાવરણમાં સંસ્કાર યુક્ત શિક્ષણ પ્રાપ્ત કરી જીવન સાફલ્યને દિશા આપી રહી છે. હાલમાં ૧૦૦ દિકરીઓ હોસ્ટેલમાં રહીને તદ્દન ફ્રી શિક્ષણ મેળવી રહી છે.



# ગરીબ આદિવાસી બહેનો માટે મફત નિવાસી શિક્ષણ

પ્રોજેક્ટ : પ્રારંભ ૧૯૯૨-૨૦૧૯ | લાભાર્થી : ૫૦,૦૦૦ થી વધુ બાળકો









